# <u>પ્રેસનોટ</u>

## <u>શ્રી ધન્વંતરી ફાર્મસી કોલેજ, કીમમાં ગેસ્ટ લેકચરનું આયોજન</u>

દક્ષિણ ગુજરાતની મુંબઇ-અમદાવાદ રેલ્વે લાઇન ઉપર આવેલ શ્રી સહકાર એજયુકેશન ટ્રસ્ટ-સુરત સંચાલિત શ્રી ધન્વંતરી ફાર્મસી કોલેજ-કીમ ખાતે ડિગ્રી ફાર્મસી, ડિપ્લોમા ફાર્મસી તેમજ માસ્ટર ઓફ ફાર્મસી ના અભ્યાસક્રમો સફળતાપૂર્વક કાર્યરત છે. કોલેજ ખાતે તા.૧૮/૧૦/૨૦૧૧ ના રોજ એમ.ફાર્મના વિદ્યાર્થીઓ માટે એક ગેસ્ટ લેકચરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લેકચર ફાર્માસ્યુટીકસ ડિપાર્ટમેન્ટની બુકના જાણીતા લેખક તેમજ એસ.એસ.આર. કોલેજ ઓફ ફાર્મસી, સિલ્વાસા ના પ્રિન્સીપાલ **ડૉ.જી.કે.જાની** દ્વારા "Response Surface Methodology" વિષય ઉપર આપવામાં આવ્યો હતો. જેમાં તેઓએ વિદ્યાર્થીઓને "Application of Response Surface Methodology in research & industry in Optimization of Parameters" વિશે ઉદાહરણ સહિત વિસ્તૃત માહિતી આપી હતી. જેમાં ડૉ. જી.કે.જાની તેમજ વિદ્યાર્થીઓ અને કોલેજના શિક્ષકો વચ્ચે પ્રશ્નોત્તરી પણ થઇ હતી. આ કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના આસી.પ્રોફેસર શ્રી આનંદ દેશમુખ દ્વારા ડૉ. જી.કે.જાનીને કાર્યક્રમમાં આવકાર આપવામાં આવ્યો હતા. કોલેજના પી.જી. કોઓર્ડીનેટરશ્રી ડૉ.એમ.એન.નૂવ્વી દ્વારા ડૉ. જી.કે.જાની નું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે કોલેજના પ્રિન્સીપાલશ્રી ડૉ. મુરલીક્રિષ્ના દ્વારા તેમને મુમેન્ટો આપવામાં આવ્યો હતો. આભાર વિધિ કોલેજના એસોસીએટ પ્રોફેસર ડૉ. હસુમતી રાજ દ્વારા કરવામાં આવી હતી. આ ગેસ્ટ લેકચરનું આયોજન કોલેજના પ્રિન્સીપાલશ્રી ડૉ. મુરલીક્રિષ્ના ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ ગેસ્ટ લેકચરમાં કોલેજના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.